R.N.I. No. : GUJGUJ/2000/447-#Dkphgdedg#Mxulvglfwlrq

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :##kwws=22#mdjdglvkfkulvwldq1frp#####################################################################hpdlo=jduylqplynudqw#C#jpdlo1frp

YEAR-29 • ISSUE: 43 DATE: 24-11-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

L#xqghohyhulhg#so1#uhwxuq#wr>
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

## મહારાષ્ટ્ર સરકારનો સીબીઆઇને રાજ્યમાં તપાસ માટે પરવાનગી લેવાનો આદેશ : મહારાષ્ટ્રમાં સીબીઆઇને નો એન્ટ્રી

મહારાષ્ટ્ર સરકારે એક આદેશ દ્વારા સીબીઆઈને રાજ્યમાં તપાસ કરવા માટે આપેલી અનુમતિને તરત પાછી ખેચી લીધી છે. જો કે અનુમતિ પાછી ખેચવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયથી હાલમાં જે કેસમાં તપાસ ચાલી રહી છે તેના પર કોઇ અસર પડશે નહીં.પરંતુ ભવિષ્યમાં સીબીઆઈ મહારાષ્ટ્રમાં કોઈપણ નવા કેસમાં તપાસ કરવા માંગતી હોય અને કોર્ટે દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો નહી હોય તો તેણે પહેલા રાજ્ય સરકારની મંજુરી લેવી પડશે.તેણે દરેક દરેક કેસમાં નવેસરથી રાજ્ય સરકારની મંજુરી મેળવવી પડશે.જાણકારો આ નિર્ણયને ટીઆરપી કૌભાંડ સાથે જોડી રહ્યા છે.

ટીઆરપી કૌભાંડ મુંબઇ પોલીસે ખુલ્લુ પાડ્યું અને જેમાં રિપબ્લીકન ટીવી સહિત બે ચેનલ્સ સામેલ હોવાનું બહાર આવ્યુ હતું. પરંતુ તેના જેવો જ એક કિસ્સો જાહેરાત કંપનીની ફરિયાદને આધારે લખનઊના હજરતગંડ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો છે. અને તેની તપાસ યુપી સરકારે સીબીઆઈને સોપી દીધી છે. અને મહારાષ્ટ્ર સરકારને ભય છે કે સીબીઆઈ તેને આધાર બનાવીને મહારાષ્ટ્રનો કેસ મુંબઇ પોલીસ પાસેથી લઈ લેશે.મહારાષ્ટ્ર સરકારનો આદેશ એવા સમય પર આવ્યો છે કે જ્યારે સીબીઆઈ બોલીવુડના સુશાંતસિહ રાજપુત ના મોતના કેસમાં તપાસ કરી રહી છે. બિહાર સરકારની માંગણી બાદ સીબીઆઈ મુંબઈમા ંકેસની તપાસ કરવા પહોચેલી છે. હજુ સીબીઆઈની તપાસ ચાલી રહી છે. મહારાષ્ટ સરકારના આ નિર્ણયની ભાજપે ઉગ્ર વિરોધ કર્યો છે. સરકાર સામે અનેક પ્રશ્નો ઉબા કર્યા છે.

## ભારત સરકારે ટુરિસ્ટ,મેડિકલ,ઇલેટ્રોનિક સિવાયના કોઇપણહેતુ માટે વિઝા આપવાની જાહેરાત કરી છે

ભારત સરકારે ઈલેક્ટ્રોનિક,ટુરિસ્ટ અને મેડિકલ કેટેગરીને બાદ કરતાં તમામ હાલના વિઝાને તાત્કાલિક અસરથી પુનઃ બહાલ કરવાનું નક્કી કર્યુ છે. કોરોના વાયરસ અને એ પછીના લોકડાઉનને કારણે આ પ્રક્રિયા આશરે આઠ મહિનાથી બંધ હતી. ગૃહમંત્રાલયે ભારતની મુલાકાતે લેનારા વિદેશી ભારતીય નાગરિકો તેમજ અને પર્સન ઓફ ઈન્ડીયા ઓરીજીન,કાર્ડ હોલ્ડર્સ અને તેમ અન્ય વિદેશી નાગરિકોને મંજુરી આપવાની જાહેરાત કરી છે.

આ પગલાંથી વિદેશી નાગરિકોને બિઝનેસ,કોન્ફરન્સ, રોજગાર,અભ્યાસ અને રિસર્ચ જેવા વિવિધ હેતુઓ માટે ભારતમાં આવવાનું શક્ય બનશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ હતું કે કોરોના બિમારીને કારણે સર્જાયેલી સ્થિતિમાં સરકારે ફેબ્રુઆરી ૨૦૨૦ થી આંતરરાષ્ટ્રીય મુસાફરોની ઈનવાર્ડ અને આઉટવર્ડ હેરફેરને અટકાવવા માટે અનેક પગલાં લીધા છે.

હવે સરકારે ભારતમાં આવવા કે દેશ છોડવા ઈચ્છતા ભારતીય નાગરિકો અને વિદેશી નાગરિકોની વધુ કેટેગરીઝ પર ટ્રાવેલ પર તબક્કાવાર પ્રતિબંધો છોડવાનું નક્કી કર્યુ છે. આ તબક્કાવાર છુટછાટ હેઠળ સરકારે ઈલેકટ્રોનિક વિઝા, ટુરિસ્ટ વિઝા અને મેડિકલ વિઝા સિવાય તમામ હાલના વિઝાને તાત્કાલિક અસરથી જાળવવાનું નક્કી કર્યુ છે. જો આ વિઝાની મુદત પુર્ણ થિ છે તો યોગ્ય કેટેગરી માટે નવા વિઝા ભારતીય મિશન કે સબંધિત પોસ્ટમાંથી મળી શકશે.મેડિકલ ટ્રીટમેન્ટ માટે ભારતની મુલાકાત ઈચ્છતા વિદેશી નાગરિકો નવેસરથી મેડિકલ વિઝા માટે અરજી કરી શકશે.

## અમેરિકાના ટ્રમ્પ શાસને બહાર પાડેલા નવા એચ-૧બી વિઝા નિયમોથી ભારતીય તબીબોને નુકશાન થશે

અમેરિકન હોસ્પીટલને હવે એચ ૧-બી વિઝા મેડિકલ પ્રોફેશનલ્સને રાખવા જ નહીં પોષાય કેમકે ટ્રમ્પ વહીવટી તંત્રે એચ ૧-બી વિઝા માટેના લઘુત્તમ પગાર ધોરણમાં ૪૦ ટકાનો વધારો કર્યો છે. અને તેના પરિણામે એચ ૧બી વિઝાધારક ડોકટર યુએસ માર્કેટમાંથી બહાર ફેકાઈ જશે. અને તેની મોટ અસર ભારતીય ડોકટર્સને થશે. નોધનીય છે કે એચ૧બી વીઝા યોજના હેઠળ ભારતીય ડોકટર્સ માટેના સૌથી મોટા સ્ત્રોત્રમાંનું એક છે. અમેરિકામાં દર વર્ષે ૮૫,૦૦૦ એચ૧બી વિઝા ફાળવે છે. તેમાં લગભગ બે તૃતીયાંશ ભારતીય વ્યવસાયિકો હોય છે.

નવા નિયમોના કારણે અમેરિકાના કેન્સાસમાં એક એચ૧બી પિડીયાટ્રીશયનના વેતનમાં ૧૭૭ ટકાનો વધારો કરવો પડશે. તથા મિશિગનના ભાગોમાં ૧૫૩ ટાકનો વધારો થશે જે સ્થળ પાસે ડીપાર્ટમેન્ટ ઓફ લેબર પાસે પુરતા આંકડા ઉપલબ્ધ ન હતા તેમના માટે દરેક કલાકના ૧૦૦ ડોલર્સ અથવા વર્ષે ૨,૦૮,૦૦૦ ડોલર્સનો પગાર આપવાનો આદેશ કર્યો છે. તેનો અર્થ એ થયો કે જે મેડિકલ રેસિડન્સને ૫૦,૦૦૦-૭૦૦૦૦ ચુકવવામાં આવે છે તેમને હવે ૨,૦૮,૦૦૦ ચુકવવાના રહેશે.

આઠ ઓક્ટો.ડિપાર્ટ ઓફ લેબરના ઈન્ટ્રીમ ફાઈનલ રુલ મારફત આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાયદો એચ૧બી કર્મચારીને ચુકવવામાં આવતા લઘુત્તમ વેતનમાં સરેરાશ ૪૦ ટકાનો વધારો કરવાનો આદેશ કરે છે. આ પગલાંની પ્રાથમિક ઉદ્દેશ વ્યવસાયિકોની સંખ્યાને રુંધીને અમેરિકન નોકરીનું રક્ષણ કરવાનો છે. આ નિર્ણય સામે કેલિફોર્નિયાના કોર્ટમાં વિવિધ સંગઠનોએ અને કોલેજોએ કેસ દાખલ કર્યા છે.

## કેન્દ્ર સરકારના કર્મચારીઓને ફેસ્ટીવલ બોનાન્ઝા,દશેરા પહેલા બેંકખાતામાં બોનસ જમા થશે

તહેવારોની સિઝનમાં ખરીદશક્તિ અને ગ્રાહકમાંગમાં વધારો કરવાના પ્રયાસ રુપે કેન્દ્ર સરકારે તેમના ૩૦.૬૭ લાખ કર્મીઓને રુ. ૩૭૩૭ કરોડનું દિવાળી બોનસ આપવાની જાહેરાત કરી છે. સરકારે જાહેર કરેલી અખબારી યાદીમાં જણાવાયુ હતું કે રેલવે,ટપાલ,સંરક્ષણ,ઈપીએફઓ,ઈએસઆઈસી જેવા કોમર્શીયલ સંસ્થાનોના ૧૬.૯૭ લાખ નોન- ગેઝેટેડ કર્મચારીઓને આ બોનસનો લાભ મળશે. વર્તમાન વર્ષમાં કોરોના મહામારીના કારણે સરકાર દ્વારા બોનસની જાહેરાત પર અનિશ્ચિતતા પ્રવર્તી રહી હતી. સામાન્ય રીતે આવી જાહેરાત દશેરા પહેલા કરી દેવામાં આવે છે. હવે જાહેરાતનો લાભ સરકાર ચુંટણીઓમાં મેળવી શકશે તેવું કહેવાઈ રહ્યુ છે.

## અમેરિકામાં પ્રમુખપદની ચુંટણીમાં હિન્દુઓના વોટ મેળવવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ અને બિડેન વચ્ચે ચાલી રહેલ ગજગ્રાહ



અમેરિકામાં પ્રમુખપદની ચુંટણીઓમાં ઉભા રહેલા બે પ્રતિસ્પર્ધીઓ ડોનાલ્ડ ટ્રમ્પ અને બિડેન વચ્ચે ભારતીય હિંદુઓના વોટ કબજે કરવા માટે ગજગ્રાહ ચાલી રહ્યા છે. બેઉ ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. કારણકે પ્રમુખપદની ચુંટણીમાં ભારતીય હિંદુઓનું વર્ચસ્વ છે જેના તરફ ઝુકે તેના માટે પરિણામોમાં ફેરફાર લાવી શકાય છે. જો કે હિન્દુ સમર્થકો વચ્ચે વિભાજન વધતું જાય છે. હવે ચુંટણી માટે બે સપ્તાહથી ઓછો સમય બાકી રહ્યો છે. અને કેટલાક રાજ્યોમાં વહેલી ચુંટણી શરુ થઈ ગઈ છે. ત્યારે આ પરિસ્થિતિ છે. દેખાઈ રહ્યુ છે કે અમેરિકામાં હિન્દુઓનું રાજકીય મહત્વ વધી રહ્યુ છે. અને તેમના વોટ અંકે કરવા માટે ટ્રમ્પ અને બિડેન પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં અમેરિકન હિન્દુઓના વોટ અંકે કરવા માટે ટ્રમ્પ અને બિડેનના હિન્દુ સમર્થકો વચ્ચે વર્ચ્યુઅલ ડિબેટ પણ યોજાયું હતું.

અમેરિકાના આ ધાર્મિક લઘુમતી સમુદયને આર્કષિત કરવા માટે ટ્રમ્પ અને બિડેનના પ્રચારમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. અમેરિકામાં હિન્દુઓ ચોથા ક્રમનો સૌથી મોટો ધાર્મિક સમુદાય છે અને ૨૦૧૬માં અમેરિકાની કુલ વસતિમાં તેનો હિસ્સો અંદાજે ૧ ટકા હતો. બિડેને સપ્ટેમ્બરમાં તેના પ્રચારમાં હિન્દુ અમેરિકન્સના ફોર બિડેન કેમ્પેઈન પણ લોંચ કર્યુ હતું. જ્યારે ટ્રમ્પે ઓગસ્ટમાં હિંદુ વોઈસ ફોર ટ્રમ્પની રચના કરવાની જાહેરાત કરી હતી.

આ વર્ચુઅલ ડિબેટમાં જ્યારે એક પક્ષ તરફથી બિડેન પર મુસ્લીમોના પિઠ્ઠુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારે બીજા પક્ષે ટ્રમ્પ રેસિસ્ટ હોવાનો આક્ષેપ કર્યો હતો. ડિબેટમાં ઓબામા-બિડેનના શાસન દરમિયાન ભારત સામેના ન્યુક્લિયર પ્રતિબંધો હટાવી લેવાના નિર્ણયને બિડેનના સમર્થકોએ ભારત તરફી વલણ તરીકે ઓળખાવ્યો હતો. ત્યારે બીજી તરફ ટ્રમ્પના સમર્થકોનો આરોપ છે કે પાકિસ્તાનને અબજો ડોલર્સ આપ્યા છે. જે સરહદ પર ત્રાસવાદને પ્રમોટ કરવા વપરાયા છે.

જો કે ભારતના વડાપ્રધાન મોદી જ્યારે અમેરિકા ગયેલા ત્યારે અબકી બાર ટ્રમ્પ કી સરકારનું સુત્ર જાહેર કરી આવ્યા હતા. તેથી ભાજપ તરફી હિંદુ સંગઠનોનો મત ટ્રમ્પની તરફેણમાં જઈ શકે તેમ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

#kwws=22#mdjdglvkfkulvwldq1frp

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકkwws=22idfherrn1frp2urelq1gkrodnld પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

કોરોના મહામારીએ ૨૦૨૦નું વર્ષ ઝુંટવી લીધુ છે. આર્થિક મહાદશાને કારણે પરિસ્થિતિ જોખમાઇ હતી. આર્થિક મહાદશા સાથે આરોગ્યની મહાદશાએ સમગ્ર વિશ્વને ઘેરી લીધુ અને પરિણામે સમગ્ર વિશ્વમાં અનેક લોકો ટપોટપ મોતને ભેટ્યા.પરિસ્થિતિ સુધરી ગઇ હોઇ તેવું કહી શકાય નહીં પરંતુ એમ કહી શકાય કે લોકોમાં ડર ઓછો થયો છે. કોરોનાનો આતંક ઘટી નથી ગયો.કોરોના વાયરસની બિમારીને લઇને બ્રિટનના ટોપ વૈજ્ઞાનિક સલાહકારના દાવાથી લોકોની ચિંતા વધી ગઇ છે. કોરોના મહામારી માટે રચિત બ્રિટિશ સરકારની સલાકાર સમિતિના એક ટોપના વૈજ્ઞાનિકે કહ્યુ છે કે કોરોના વાયરસને ક્યારેય ખતમ કરી શકાશે નહીં. કોરોના હંમેશા લોકોની વચ્ચે જ રહેશે. વૈજ્ઞાનિકે એમ પણ ક્હયુ છે કે વેકસીન વર્તમાન સ્થિતિને થોડીક સારી બનાવવામાં જરુર મદદ કરશે.

બ્રિટિશ સરકારની સાયન્ટિફિક એડવાઇઝરી ગ્રુપ ઓફ ઇમરજન્સીના એક સભ્ય જોન એડમંડસે સાંસદોને સંબોધન કરતાં કહ્યુ હતું કે આપણે કાયમ માટે વાયરસ સાથે રહેવાના છીએ.એ બાબતની બહુ ઓછી શક્યતા છે કે તેનો નાશ થશે.તેમણે એમ પણ ક્હયુ કે આપણે શિયાળાના અંત સુધી કોરોના વાયરસની કોઇપણ વેકસીન જરુર બનાવી લઇશું. જેનાથી આપણને કોરોના સામે લડવામાં મદદ મળી શકશે.

યુરોપના અન્ય દેશોની જેમ બ્રિટન પણ કોરોના વાયરસની દ્રીતીય લહેરની લપેટમાં છે. દેશમાં લાગેલા કેટલાય પ્રતિબંધો છતાં બ્રિટનમાં કોરોના વાયરસના ૨૧૦૦૦થી વધુ કેસો નોધાયા છે.બ્રિટનમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા લોકડાઉન છતાં ઝડપથી વધી રહી છે. બ્રિટિશ વૈજ્ઞાનિકે એમ પણ કહ્યુ કે આપણે વેકસીનથી કેટલીક મદદ મળી શકે છે તો તેનો ચોક્કસ પણે ઉપયોગ કરવો જોઇએ. આપણે કોઇપણ સંજોગોમાં કોરોના ચેપના કેસો જેટલો ઓછો રહે એટલા પ્રયાસ કરવા જોઇએ. એ દિવસો હવે દુર નથી જ્યારે આપણે વેકસીન બનાવી લઇશું.અહીયા નોધનીય છે કે કોરોના વાયરસની વેકસીન બનાવવાના પ્રયાસોમાં બ્રિટન સૌથી આગળ છે.

ભારતમાં કોરોના વાઇરસની ગતિ મંદ પડી છે તેવું સરકારનું કહેવુ છે. સરકાર આંકડાઓની માયાજાળમાં રમત રમી રહી હોય તેવુ લાગે છે. કારણકે તાજેતરમાં બિહારમાં ચુંટણીઓ ટાણે બિહારના મતદાતાઓને મફત કોરોના વેકસીન આપવાની ભાજપે ચુંટણી ઢંઢેરામાં જાહેરાત કરી દીધી છે. જ્યાં હજુ ગુજરાતી કહેવત પ્રમાણે '' ભેંસ ભાગોળે અને ઘેર ભઇડકા ''કોરોના વાઇરસના રસીની હજુ સંશોધનના ત્રીજા તબક્કામાં આવી છે. પરંતુ હાલમાં કોઇને આપી શકાય તેમ નથી. છતાં જુમલા આપવામાં ભાજપને કોઇ પહોચી શકે નથી.

તાજેતરમાં વડાપ્રધાને દેશવાસીઓને તેમના સંબોધનમાં કરેલી અપીલમાં તેમણે દેશની જનતાને સ્પષ્ટપણે કહ્યુ કે કોરોના ગયો નથી પરંતુ આપણે તેનાથી બચવાનું છે અને તે માટે જેટલા પ્રિકોર્ષન લેવા પડે તે લેજો.તહેવારોના સમયમાં ઉજવણી કરવાના બહાને નિયમો તોડશો નહી નહીતર બધાને નુકશાન થશે પરંતુ આ દેશની જનતાને તહેવારોની ઉજવણી,ઉત્સવો,તાયફા વિગેરેમાં જ રસ છે બાકી જે થવાનું હોય તે થાય.ખેર આપણે આઝાદી આવ્યાના આટલા બધા વર્ષો બાદ શિસ્ત અને સંયમ ભરેલા નાગરિકો ઉભા કરી શક્યા નથી અને પરિણામે દેશ એક એવી સ્થિતિમાં છે કે તેમાંથી બહાર આવવા માટે અથાગ પરિશ્રમ કરવો પડશે. યુપીમાં હાથરસની ઘટનાને લઇને ત્યાંના વાલ્મિકી સમાજના લોકો સરકાર અને વહીવટીતંત્રથી નારાજ થઇને હિન્દુ ધર્મ ત્યાગીને બૌધ્ધ ધર્મ અપનાવ્યો છે. ભેદભાવ,,જાતીય ઉત્પીડનને કારણે લોકોને ધર્મ ત્યજી દેવો પડે તો સામાન્ય નાગરિકની કેટલી હદે અવગણના થતી હશે ?

હિદુત્વની હાંસ ઉડાવતું ધર્માતરણ યોગી સરકારના વહીવટીતંત્રનું વરવું રુપ પ્રદર્શિત કરે છે. મનુવાદી વિચારસરણીને કારણે લઘુમતિઓની અવગણના દેશના બિનસાંપ્રદાયિક બંધારણની અવગણના કરે છે. ખેર,મતદારોએ કરેલી ભુલો માટે હવે પસ્તાવાનો સમય ગુજરી ચુક્યો છે. વિકલ્પ કોઇ બાકી રહ્યો નથી. અરાજકતા તરફ પ્રયાણ કરી રહેલો ભારેલો અગ્નિ ક્યારે પ્રચંડ સ્વરુપ માં ફાટશે તે કહેવું અશક્ય છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભારતનું આરોગ્ય બજેટ વિશ્વના ૧૫૮ દેશોમાં ૧૫૫માં સ્થાને : ખર્ચના મામલે ભારત ગરીબ બુરુડીં કરતાં પણ પાછળઃ કોરોના મહામારી મધ્યે દેશની ફક્ત ૫૦ ટકા વસ્તીને આવશ્યક સેવાઓ ઉપલબ્ધ :ઓક્સફામ

સમગ્ર વિશ્વ હ લ કોરોના મહામારી સામે લડી રહ્યુ છે. ત્યારે આરોગ્ય માટે કરાતી અંદાજપત્રીય જોગવાઇમાં ભારત વિશ્વમાં છેલ્લે ચોથા સ્થાને છે. દાયકાઓથી યુધ્ધમાં સપડાયેલા અફઘાનિસ્તાન જેટલું ભારતનું આરોગ્ય બજેટ છે.આરોગ્ય સેવાઓના બજેટના મોરચે વિશ્વનો બીજો ક્રમના સૌથી ગરીબ ગણાતા દેશ બુરુડીં અને પાકિસ્તાન પણ ભારત કરતાં સારી સ્થિતિમાં છે.ઇન્ટરનેશનલ ચેરીટી સંસ્થા ઓક્સફાર્મના જણાવ્યા મુજબ સર્વેનો ડેટા જણાવે છે કે ભારત તેના બજેટના ૪ ટકા કરતાં પણ ઓછી રકમ આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચ કરી રહ્યો છે. આરોગ્ય સેવાઓના ખર્ચના મામલે ભારત સર્વેમાં સામેલ ૧૫૮ દેશોમાં ૧૫૫માં સ્થાને છે. ભારતની ફક્ત ૫૦ ટકા વસ્તીને સૌથી આવશ્યક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે. બરુંડીના આરોગ્ય બજેટ કરતાં ભારતનું આરોગ્ય બજેટ ત્રીજા બાગનું છે.

વિશ્વ બેન્કના આંકડા અનુસાર ૨૦૧૭માં ભારત કુલ સરકારી ખર્ચમાંથી આરોગ્ય સેવાઓ પર ખર્ચના મામલામાં ૨૦૬ દેશની યાદીમાં ૧૯૪માં સ્થાને હતો. ૨૦૧૭ના નાણાંકીય વર્ષમાં ભારતે કુલ બજેટના ૩.૪ ટકા રકમ આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચી હતી.જ્યારે દુનિયાના બીજા ક્રમના સૌથી ગરીબ દેશે આરોગ્ય સેવાઓ માટે ૮.૫ ટકાનો ખર્ચ કર્યો હતો.વિશ્વના અમીર દેશોએ તેમના કુલ બજેટના સરેરાશ ૧૮.૬ ટકા રકમ આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચી હતી.જાપાને ૨૩.૬ ટકા રકમ આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચી હતી.પાકિસ્તાને ૪ ટકા અને નેપાળ અને બંગાલદેશે તેમના કુલ બજેટના પાંચ ટકા રકમ આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચી હતી.

# ભારત ૨૦૫૦માં વિશ્વની ત્રીજી સૌથી મોટી ઇકોનોમી બનશે

ભારત ૨૦૫૦માં વિશ્વની ત્રીજી સૌથી મોટી ઇકોનોમી બનશે.લોન્સેટ દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસમાં આ તારણ બતાવવામાં આવ્યુ હતું. હાલ અમેરિકા અને ચીન પહેલા અને બીજા નંબરે છે. જાપાન ત્રીજા નંબરે છે. જ્યારે ભારત પાંચમાં ક્રમે છે. અભ્યાસ કરનારાઓ દ્વારા જુદા જુદા દેશની વર્કિંગ એજ વસ્તીનો અભ્યાસ કરાયો હતો. તેમજ પ્રાપ્ત આંકડાઓના આધારે ગ્રોશ ડોમેસ્ટીક પ્રોડક્ટ ની ગણતરી કરાઇ હતી. ભવિષ્યની આર્થિક તેમજ ભુભોગોલિક અસરોને ધ્યાનમાં લેવાઇ હતી. જોકે હાલમાં કોરોનાને કારપાંચ ટ્રીલયનની ઇકોનોમીનો લક્ષાંક શક્ય નથી.

# બિહારમાં મતદારોને લલચાવતું ભાજપનું ચુંટણી વચન : કોરોનાનું વેકસિન ફ્રી માં મળશે

બિહારની વિધાનસભાની ચુંટણી ટાણે ભાજપે જાહેર કરેલા ચુંટણી ઢંઢેરામાં રાજ્યમાં ભાગીદારી ધરાવતી સરકાર સત્તા પર આવશે તો દરેક બિહારી નાગરિકને વિનામુલ્યે કોરોના રસી આપવામાં આવશે. રસીનું રાજકીયકરણ કરવાના મુદ્દે ભારે વિવાદ ઉભો થયો છે. કોરોના રસી સમગ્ર દેશને ઉપલબ્ધ કરાવવાની કેન્દ્ર સરકારની ફરજ છે તેને ચુંટણીમાં મતના બદલામાં લાલચ તરીકે કેવી રીતે જોડી શકાય.

મહ્ત્વની વાત એ છે કે હજુ કોરોનાની રસી સંશોધનના તબક્કામાં છે. અને તે અંગે રાષ્ટ્ર માટે એકસમાન નીતિ ઘડાવી જોઇએ તેને બદલે ભાજપ તેને એક ચુંટણી વચન તરીકે રજુ કરે તે વ્યાજબી નથી.સોશ્યલ મીડીયા પર ભાજપની આ જાહેરાતની સામે લોકો ભારે સવાલોનો મારો ચલાવી રહ્યા છે. પરંતુ તેની કોઇ અસર ભાજપ નેતાગીરી પર પડે તેવું લાગતું નથી. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને બિહાર માટે ભાજપનો ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. તેમાં જણાવાયુ હતું કે કોવિદ વેકસીનનું મોટા પાયે ઉત્પાદન શરુ થશે તે પછી બિહારની દરેક વ્યક્તિને વિનામુલ્યે આ રસી અપાશે.વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું ભારત સરકારે કોરોનાની રસી પહોચાડવાની વ્યુહરચના જારે કરી છે.ક્યારે મળશે તે નક્કી નથી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
#####+U,33<4059<50593665

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું#લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## આઇએમએફના અંદાજ પ્રમાણે ભારતના અર્થતંત્રનો ઝડપથી ૨૦૨૧માં વિકાસ થશે જે ચીન કરતાં આગળ હશે

આઈએમએફના અંદાજ પ્રમાણે કોરોના વાઈરસના આંચકામાંથી ભારત ધીમે ધીમે બહાર આવી રહ્યુ છે. ભારતીય અર્થતંત્ર ચાલુ વર્ષે ૧૦.૩ ટકાનો મોટો ઘટાડો દર્શાવશે જો કે ૨૦૨૧માં જીડીપી વૃધ્ધિમાં ૮.૮ ટકાના પ્રત્યાઘાતી ઉછાળાની શક્યતા છે. અને ત્યારે ભારત ચીનની ૮.૨ ટકાની અંદાજીત વૃધ્ધિને વટાવી ફરી એક વખત સૌથી ઝડપી વૃધ્ધી દર્શાવનારા અર્થતંત્રનું સ્થાન હાંસલ કરશે એવી માહીતી આઈએમએફે વર્લ્ડ ઈકોનોમીક આઉટલુકમાં આપી છે.

આઈએમએફ અને વર્લ્ડ બેન્કની વાર્ષિક મીટીંગ પહેલા જારી કરાયેલા અહેવાલ મુજબ ચાલુ વર્ષે વૈશ્વિક વૃધ્ધિમાં ૪.૪ ટકા ઘટાડો નોધાશે. જો કે ૨૦૨૧માં ૫.૨ ટકાની વૃધ્ધિનો અંદાજ છે. અમેરિકાનું અર્થતંત્ર ૨૦૨૦માં ૫.૮ ટક ઘટવાનો તેમજ પછીના વર્ષે ૩.૯ ટકા વધવાની શક્યતા છે. આઈએમએફના જણાવ્યા અનુસાર માત્ર ચીન ૨૦૨૦માં ૧.૯ ટકાની પોઝીટીવ વૃધ્ધિ દર્શાવશે. આઈએમએફના અહેવાલની વિગત મુજબ ભારતીય અર્થતંત્રની વૃધ્ધિ કે ઘટાડાના અંદાજમાં મોટા ફેરફાર કરાયા છે. બીજા ક્વાટરમાં ભારતનો જીડીપીમાં નોધપાત્ર ઘટાડો થયો છે. તેને લીધે ૨૦૨૦માં જીડીપીમાં ૧૦.૩ ટકા ઘટાડાની શક્યતા છે. ૨૦૧૯માં ભારતીય અર્થતંત્રનો વૃધ્ધિદર ૮.૮ ટકા હતો.આઈએમએફએ ૨૦૨૧માં ૮.૮ ટકા વૃધ્ધિદર સાથે અર્થતંત્ર ફરીથી પુરઝડપે દોડતું થવાની શક્યતા વ્યક્ત કરી છે.આઈએમએફના જણાવ્યા અનુસાર ભારતને ગ્લોબલ વોર્મિંગનો સૌથી મોટો વધુ ફટકો પડશે. હવામાનમાં ફેરફારોને લઈને પ્રમાણમાં ઠંડા પ્રદેશોને ઓછુ નુકશાન થવાની શક્યતા છે. જેમાં યુરોપ,ઉત્તર અમેરિકા અને પુર્વ એશિયાનો સમાવેશ થાય છે. વર્લ્ડ બેન્કે ગયા સપ્તાહે જણાવ્યુ હતું કે ભારતની રાજકોષીય ખાધમાં નોધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટની તાજેતરની આવૃત્તિમાં જણાવ્યા અનુસાર એપ્રિલથી શરુ થયેલા નાણાંકીય વર્ષમાં ભારતનો જીડીપી ૯.૬ ટકા ઘટવાનો અંદાજ છે.

## સુપ્રીમ કોર્ટના નંબર બે જજ સામે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન રેડ્ડીએ ફરીયાદ કરી

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન રેડ્ડીએ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ એસ.એ. બોબડેને પત્ર લખીને એવો આક્ષેપ કર્યો છે કે જસ્ટીસ એનવી રામન્ના મુખ્ય ન્યાયમુર્તિ બનવાની લાઈનમાં છે હવે પછી તેમનો ક્રમ છે.હાઈકોર્ટ(આંગ્રપ્રદેશ)ની સીટીગ્સમાં તેમની વગ વાપરી રહ્યા છે.જેમાં કેટલા નામદાર જજીસના રોસ્ટરનો પણ સમાવેશ થાય છે. જગમોહને તેમના પત્રમાં જણાવ્યુ હતું કે જસ્ટીસ રામન્નાની ટીડીપી નેતા અને ભુતપુર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સાથેની કેટલીક નીકટતા પણ રેફરન્સ આપ્યો છે. આ ઉપરાત અમરાવતીમાં જસ્ટીસ રામન્નાની બે પુત્રીઓ દ્વારા તથા અન્યની સંડોવણી ધરાવતાં શંકાસ્પદ જમીન સોદામાં એન્ટીકરપ્શન બ્યુરોની તપાસમાં પણ રેફરન્સ આપ્યો હતો.આમ જસ્ટીસ રામન્ના આંધ્રપ્રદેશમાં તેમની વગ વાપરીને સત્તાને પ્રભાવિત કરી રહ્યા છે તો તેમની સામે અસરકારક પગલાં લેવા જોઈએ.

## યુનીવરસીટી,શાળાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓને ગ્રાહક સુરક્ષા કાયદો લાગુ પાડવા માટે સુપ્રીમ કોર્ટમાં વિચારણા

કોઈ યુનીવરસીટી કે અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થા સામે ખામી ભરેલી સેવા આપવા બદલ ગ્રાહક કોર્ટમાં દાવો માંડી શકાય કે નહીં તે પ્રશ્ન બાબતે વિચારણા કરવા સુપ્રીમ કોર્ટે સંમતિ આપી છે. સુપ્રીમે જણાવ્યુ છે કે આ મુદ્દે વિભિન્ન મત પ્રવર્તી રહ્યા છે. તામિલનાડુના સાલેમની વિનાયક મિશન યુનીવરસીટી દ્વારા સેવામાં ખામી રહી હોવાનું જણાવતી એક અરજી આ યુની.ના મેડિકલ અભ્યાસક્રમના મનુ સોલંકી તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે. આ અરજીને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ, ઈન્જુ મલ્હોત્રા તથા ઈન્દીરા બેનરજીની બેન્ચ દ્વારા એડમીટ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે તેના ઓર્ડરમાં જણાવ્યુ હતું કે કોઈ શૈક્ષણિક સંસ્થા કે યુની.ને ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈ લાગુ પાડી શકાય કે નહી તે અંગે કોર્ટ સમક્ષ વિભિન્ન મત પ્રવર્તી રહ્યા છે. આથી આ અપીલને દાખલ કરવી ઈચ્છનીય ચે. આથી આ અરજી દાખલ કરવામાં આવે છે.

બેન્ચ દ્વારા કેવિએટ કરનારી યુની. વતી હાજર રહેલા ધારાશાસ્ત્રી સૌમ્યજિતને નેશનલ કન્ઝુમર્સ ડિસ્પુટ રિડ્રેસલ કમિશનના એક નિર્ણય વિરુધ્ધ અપીલના સંદર્ભમાં જવાબ આપવા માટે છ સપ્તાહનો સમય માંગ્યો હતો તે આપવામાં આવ્યો હતો. યુની દ્વારા સર્વોચ્ચ અલાદત દ્વારા મહર્ષિ દયાનંદ યુની. અને પી.ટી કોશીના કેસોમાં અપાયેલા એ ચુકાદાઓનો આધાર રાખવામાં આવ્યો છે જેમા એમ જણાવાયુ હતું કે શિક્ષણ એ કોઈ કોમોડીટી નથી અને શૈક્ષણિક સંસ્થાઓ કોઈ સેવા ઉપલબ્ધ કરાવતી નથી.

આથી એડમિશન અને ફીઝના સંદર્ભમાં કોઈ પ્રકારની સર્વિસ હોઈ શકે નહી અને તેથી સેવામાં ખામીનો મુદ્દો ગ્રાહક ફોરમ કે ગ્રાહક કમિશનમાં ન્યાયાધિન હોઈ શકે નહી એમ જે તે સમયે જણાવાયુ હતુ. જો કે વિધ્યાર્થીઓએ અન્ય એક ચુકાદાને ટાંક્યો હતો જેમાં જણાવાયું હતું કે શૈક્ષણિક સંસ્થાઓને ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ લાગુ પડે છે.

જો સુપ્રીમ કોર્ટમાં નક્કી થશે કે યુની.કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ આવી શકે છે તો હાલમાં વ્યવસાયિક ધોરણે ચાલતી સંસ્થાઓએ વળતર ચુકવવા માટે તૈયાર રહેવું પડશે.

## કોરોનાનો પ્રસાર ધીમો પડી રહ્યાના સંકેતો, સપ્ટેથી સંક્રમણમાં નોધપાત્ર ઘટાડો : ભારતમાં કોરોનાના કેસ ૭૦ લાખને પાર,૬૦ લાખ દર્દી સાજા થયા

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર ભારતમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૭૦ લાખને પાર કરી ગયો છે. જ્યારે વિશ્વમાં કોરોના સંક્રમણના સૌથી વધુ કેસ અમેરિકામાં ૭૬ લાખથી વધુ છે.હાલ ભારત વિશ્વમાં કોરોના સંક્રમણના મામલે બીજા સ્થાને છે. કોરોના મહામારીમાં ભારતમાં જીવ ગુમાવનારાની સંખ્યા ૧,૦૮,૩૩૪ થઈ છે. જો કે સૌથી મોટી રાહતની વાત એ છે કે ભારતમાં કોરોના મહામારીને મહાત આપનારાની સંખ્યા વધારે છે.

જો કે ઓગષ્ટના તહેવારો બાદ કોરોનાના કેસોમાં ૬૦ ટકા વધારો નોધાયો છે.શિયાળામાં કોરોના સંક્રમણનો પ્રસાર વધી શકે છે તેવું આરોગ્ય મંત્રીશ્રીની ચેતવણીમાં જણાવાયું છે.

## આસ્થાને કારણે એકઠા થતા માનવ સમુદાય માટે ચિંતિત આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે કોઇ ધર્મ કે ભગવાન કહેતા નથી કે આસ્થા માટે એકઠા થાવ

કેન્દ્રીય આરોગ્યમંત્રી ડો.હર્ષવર્ધને જણાવ્યુ હતું કે કોઈ ભગવાન કે ધર્મ આપણને તહેવારો ધામધુમથી ઉજવવા અને આપણી આસ્થા પુરવાર કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થવા કહેતા નથી. કેન્દ્ર સરકાર દ્વારા તહેવારોની ઉજવણી માટે ગાઈડલાઈન બહાર પડાઈ છે પરંતુ ચિંતા એ વાતની છે કે જો તહેવારોમાં લોકો કાળજી નહીં રાખે તો કોરોના મહામારી વકરી શકે છે. જનતાને મોટા મેળવડાથી દુર રહેવા અને તહેવારોની ઉજવણી માટેની સરકારની ગાઈડલાઈનનું પાલન કરવાની ચેતવણી આપતાં આરોગ્ય મંત્રીશ્રીએ લોકોને બહાર મેળાઓમાં અને પંડાલોમાં જવાના સ્થાને ઘરોમાં જ પરિવારજનો સાથે તહેવારોની ઉજવણી કરવા અપીલ કરી છે. તેમણે જણાવ્યુ હતું કે કોરોના મહામારી સામેની લડાઈ અત્યારે સૌથી મોટો ધર્મ છે. આરોગ્ય મંત્રી તરીકે કોરોના વાઈરસને કાબુમાં રાખવા અને કોઈપણ ભોગે મોત અટકાવવા એ મારો ધર્મ છે. આપણી આસ્થા અને ધર્મને પુરવાર કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થઈશું તો આપણે મોટી મુશ્કેલીમાં મુકાઈ જઈશું. આપણો લક્ષ્યાંક વાયરસનો નાશ કરવાનો છે. માનવતાને બચાવવાનો છે.આ જ આપણો ધર્મ છે. અને આ વિશ્વનો ધર્મ છે.કોઈ ધર્મ એવું કહેતો નથી કે તહેવારો ઉજવવા માટે મંદિરો,પંડાલો કે મસ્જીદોમાં જઈને જ પ્રાર્થના કરો.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક #<;5849<6;9

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

H1pdlo#=#gukdpsdulnkC|dkrr1fr1lq

# કન્ફ્યુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્‌ગુણોથી જ ધન અને અન્યન્ય ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે.'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે'

સદગુણ એ માણસની શોભા છે. સદ્‌ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્‌ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્‌ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્‌ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્‌ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્‌ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્‌ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્‌ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફ્યુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્‌ગુણોથી જ ધન અને અન્યન્ય ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્‌ગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્‌પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્‌ગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્‌ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્‌ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઈ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.
પહેલી ત્રિકોણ ટપાલટીકીટ ૧૮૫૩માં કેપ ઓફ ગુડહોપમાં પ્રકાશિત કરવામાં આવી હતી.
ફ્રાન ફિલીપ્સ ઉત્તર ધ્રુવ પર પહોચનારી પ્રથમ મહીલા હતી.તેમણે આ સિધ્ધિ ૫ એપ્રિલ,૧૯૭૧ના રોજ મેળવી હતી.
કોલબંસ પહેલાં ફર્ડિનાન્ડ મેગલન અમેરીકા ખંડ શોધવા માટે નિકળ્યો હતો.
ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.
મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.

કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.